## જન્મદિને વધામણી



રાજન શાહ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦



કપિલ એસ બેન્કર
મો. ૯૬૬૨૦ ૨૦૧૬૦



મીતાબેન
હરીશભાઈ વ્યાસ
મો. ૮૩૪૭૫ ૨૦૬૭૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડી સ્પર્ધામાં એસ. જી. સ્કૂલની વિદ્યાર્થીનીઓ ઝળકયા



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૪ કબ્બડી સ્પર્ધામાં તાલુકા કક્ષાએ દ્વિતીય નંબર મેળવીને જિલ્લા કક્ષાએ પસંદગી પામીને શાળાનું ગૌરવ વધાર્યું છે . વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલે શાળા પરિવાર વતી વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

## અધ્યાપક કૃપા ભટ્ટ પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવતાં અધ્યાપક કૃપા ભટ્ટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

કૃપા ભટ્ટ દ્વારા 'ધ ઈમ્પેક્ટ ઍસેસમૅન્ટ ઑફ ઍનઆરઈજીએ સ્કીમ ઈન ગુજરાત : એ ફિલ્ડ સર્વે ઑફ ટ્રાઈબલ ડિસ્ટ્રીક્ટ્સ ઈન ગુજરાત' વિષયે મહાશોધ નિબંધ અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઍસોસિએટ પ્રૉફેસર ડૉ. રાકેશ જોષીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેને માન્ય રાખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તેમને પીઍચડીની પદવી એનાયત કરવામાં આવી છે.

### એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત

# મણિબેન એમ પી શાહ મહિલા કૉલેજમાં શિવમહિમા કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૨૫

ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત વિભાગ દ્વારા શિવમહિમા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૩ છાત્રાઓએ શિવ વિષયક વાર્તાલાપ તથા ભજન અને સ્તોત્રગાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સોનલ વાળંદ અને નિકીતા પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

કૉલેજનાં આચાર્ય હિનાબેન પટેલે પોતાના આશીર્વચનમાં શિવમહિમા કરતાં શિવસમાન પૂજાના શ્લોકોનો પાઠ કર્યો હતો. ડૉ. વંદનાબેન ઠક્કરે શુભેચ્છાવચનોથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં 'શિવમહિમા' ભીંતપત્રનું વિમોચન કર્યું હતું, જે પૂર્વ વિદ્યાર્થીની ગાયત્રી અને સોનલ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે ડરણ સ્કૂલના આચાર્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંયોજક પ્રા. મનસુખ પટોલિયાના આકલન અને સંકલનથી કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો.

# ચિરાગ ઝાના પ્રથમ વાર્તાસંગ્રહનું વિમોચન ૨૬મીએ અમદાવાદ ખાતે

### વાર્તાસંગ્રહનું વિમોચન જાણીતા નાટ્યકાર અને વિવેચક સતીશ વ્યાસના હસ્તે

ગાંધીનગર, તા. ૨૪

કવિ ચિરાગ ઝાના પ્રથમ વાર્તાસંગ્રહ 'પાના નંબર બસો સત્તાવન'નું વિમોચન અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે.

આગામી તા. ૨૬ ઑગષ્ટ ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે આત્મા હૉલ (મિલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરિયમ), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ ખાતે આ વિમોચન માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે



વાર્તાસંગ્રહનું વિમોચન જાણીતા નાટ્યકાર અને વિવેચક સતીશ વ્યાસના હસ્તે કરવામાં આવશે. પુસ્તકનો પરિચય વાર્તાકાર કિરીટ દૂધાત દ્વારા આપવામાં આવશે.

ત્યારબાદ ચિરાગ ઝા દ્વારા વાર્તાઓનાં સર્જન અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે વાર્તાસંગ્રહ 'પાના નંબર બસો સત્તાવન'માં ૩૭ વાર્તાઓ, ૩૭ પ્લોટ સાથે ૩૭ જાતની અલગ મનોભૂમિમાં સમાવવામાં આવી છે. ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા આ કાર્યક્રમનો લાભ નિ:શુલ્ક માણી શકે છે, જે માટે તેમને લેખક, આયોજક દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

### ગાંધીનગર મહાત્મા મંદિરખાતે

# ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડીયો ટ્રેડ ફૅરનો આરંભ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે 'ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૭'નો આરંભ આજથી કરવામાં આવ્યો છે. આ ફેર તા. ૨૭ ઑગષ્ટ સુધી કાયમ રહેશે.

ફૅરના આયોજક ધી ચેરીટેબલ ગ્રુપ ઓફ ફોટોગ્રાફીક ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનના પ્રમુખ સુરેન્દ્ર શાહે જણાવ્યુ હતુ, 'અમને જણાવતા આનંદ થાય છે કે આ ત્રિદિવસીય કાર્યક્રમમાં વિદેશ અને ભારતભરનાં વિવિધ રાજયો માંથી અનેક લોકો સામેલ થઈ રહ્યા છે. આ ઉપરાંત કાર્યક્રમમાં ૨૫૦થી વધુ એકઝીબીટર્સ અને ૪૫૦૦૦થી વધુ અપેક્ષિત મુલાકાતીઓ આ ટ્રેડ ફેરની મુલાકાત લેશે એવી આશા સાથે અમને ખાતરી છે કે અમારી ઈન્ડસ્ટ્રી સાથે હિતધારકો માટે આ કાર્યક્રમ એક સિમાચિહ્નરૂપ બની રહેશે. અને આ સાથે ફોટોગ્રાફિની અંદર પણ નોલેજનો પણ વધારો જોવા મળશે.'

આકાર એક્ઝિબીશનના ડિરેક્ટર પ્રેમલ મહેતાએ જણાવ્યુ હતુ, 'આ ત્રણ દિવસીય ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૭ નો મૂળ હેતુ ફોટોગ્રાફર્સના જ્ઞાનમાં વધારો કરવાનો અને તેઓને વધુ એક્સપોઝર આપવા તેમજ વૈશ્વિક ટેકનોલોજી વિશેનો બહોળો પરિચય આપવાનો છે. અમે આધુનિક ફોટોગ્રાફી ટેકનીક્સ, મેથોડોલોજી અને અદ્યત્તન સંસાધનોના ઉપયોગ વિશે માહિતી આપીશું. તેની સાથે તેઓને નવા વિચારોનું માર્કેટીંગ, વિવિધ સંબંધિત પ્રૉડકટસની ઉપલબ્ધતા, સેવાઓ અને તાલિમ પણ આ એક્ઝિબીશનમાં મળી શકશે. જેનાથી ઉદ્યોગ ઉપરાંત છેવાડાના ઉપયોગકર્તાને પણ તેનો લાભ મળી શકે. અમારું ધ્યેય એક્ઝિબીશન દ્વારા ભારતના ઉદ્યોગપતિઓને ઉત્તમ બિઝનેસ પ્લેટફોર્મ આપવાનું છે, જેઓ આ એકસમાન પ્લેટફોર્મ પર એકસાથે રહેશે અને નવા બિઝનેસનો આવિર્ભાવ કરી શકશે.'

ઈન્ડીયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર-૨૦૧૭માં ફોટોગ્રાફીના ચાહકો અને એન્ડ યુઝર્સને મળવાનો અનોખો મોકો મળશે અને તેમની સંપર્ક સાધીને તેઓની જરૂરીયાતોને જાણી શકાશે. આ ઉપરાંત નવી ×ોડકટસ અંગેની તેમની ઈચ્છાઓ અને સેવાઓ માટેના મંતવ્યો પણ મેળવી શકાશે. આ ઉપરાંત એક્ઝિબીટર્સ ટ્રેડ શો વખતે બિઝનેસ પ્રતિનિધિઓને પણ મળી શકશે અને બિઝનેસની નવી તકો પણ શોધી શકશે, પ્રાપ્ત કરી શકશે.

ફોટોગ્રાફી/વિડિયોગ્રાફીનું જ્ઞાન તથા તેને સંલગ્ન કોમ્પ્યુટર ઓફટવેરનું તાલીમ આપવા માટે રાજ્યના દરેક ફોટોગ્રાફર મિત્રોને જરૂરીયાતને પહોચી વળવા ફોટાગ્રાફી સ્કુલ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નિયમિત લાંબા ગાળાના ફોટોગ્રાફી કોર્સ તથા ટુંકાગાળાના ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરાય છે.

# 'બરખા કે રંગ'માં હિમાલી-આલાપ-સ્નેહાનો યાદગાર સંગ

આ વર્ષે વર્ષાઋતુ છલોછલ રહી... શિવરંજની આયોજિત 'બરખા કે રંગ...'માં - વર્ષાગીતોના કાર્યક્રમમાં વર્ષાના પ્રત્યેક ગમતા મિજાજની લિજ્જત માણવા મળી...

કાર્યક્રમમાં ગાયક કલાકારો હતા મુંબઈ સ્થિત આલાપ દેસાઈ અને હિમાલી વ્યાસ નાઈક. સંગીતને વરેલા દંપતિ હેમા-આસિત દેસાઈના સુપુત્ર અને સંગીત ક્ષેત્રે પોતાનું વિશેષ કાઠું કાઢી નામના પ્રાપ્ત કરનાર આલાપભાઈએ ગઝલ ગાયકીમાં વિશેષ ઓળખ મેળવી છે. હિમાલી વ્યાસ; ઓરીજીનલી ગાંધીનગર સાથે જોડાયેલું નામ, જે આજે વિશ્વકક્ષાએ પહોંચ્યું છે. તેમના પિતાની ગવર્મેન્ટ જોબ થકી તેમની કારકિર્દીની શરૂઆત અહિંથી થઈ એ આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. તેમણે એમ. ટીવીથી લઈને યુનિવર્સલ સ્ટૂડિયો સુધી કંઠના કામણ પાથર્યા છે. ૧૧ ગુજરાતી ફિલ્મોમાં પાર્શ્વગાયિકા તરીકે તેમણે ગાયું છે.

કાર્યક્રમના સંચાલનની મહત્વની જવાબદારી જેમણે સુપેરે સંભાળી એ હતા સ્નેહા આલાપ દેસાઈ. 'કોડમંત્ર' અને 'પ્રેમનું પેટીએમ' જેવાં ઉત્તમ-સફળ નાટકનાં લેખિકા...'બકુલા બૂઆ કા ભૂત', 'મિસિસ તેંડુલકર' અને 'આર. કે. લક્ષ્મણની દુનિયા' જેવી સફળ લોકપ્રિય સીરીયલના લેખિકા અને લેખનકલા અને અભિનયની દુનિયાના ખૂબ સફળ વ્યક્તિ એવા સ્નેહા દેસાઈના નાટકને બીબીસી તરફથી 'શ્રેષ્ઠ નાટક'નો એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. સંગીત સંચાલન પ્રતિભાવાન યુવા હર્ષિત આચાર્યએ કર્યું. ગાંધીનગર માટે હર્ષિત આચાર્યનું નામ નવું હોઈ શકે પરંતુ દેશ અને દુનિયામાં તેમણે આ ક્ષેત્રે ખૂબ નામના મેળવી ગુજરાત અને અમદાવાદનું નામ રોશન કર્યું છે. એ.આર.રહેમાનના ઈન્સ્ટિટયૂટમાં સાઉન્ડ એન્જિનિયર થયા બાદ અમેરિકા ખાતે આ જ વિષયમાં ઉચ્ચ અભ્યાસ કરી હર્ષિત આચાર્ય અમદાવાદમાં પોતાનું બેન્ડ-'રીધમ ઓશન' અને સ્ટૂડિયો ધરાવે છે.

ગણેશસ્તુતિથી કાર્યક્રમની સુંદર શરૂઆત પછી તરત જ રાગ કલાવતી ભૈરવ પર આધારિત અને અમદાવાદના જૂના શ્રુતિવૃંદ દ્વારા પ્રચલિત રચના 'કાનમાં પવન કહીને ચાલ્યો, હે હે આવે મેહૂલિયો રે...ની શ્રીમતી હિમાલી વ્યાસ અને શ્રી આલાપ દેસાઈ દ્વારા સંયુક્ત રજૂઆત કરવામાં આવી. કવિ શ્રી અવિનાશ વ્યાસ અને સ્વરકાર ગૌરાંગ વ્યાસ દ્વારા સ્વરબદ્ધ આ ગીતની સુંદર રજૂઆતથી કાર્યક્રમની શરૂઆત ખૂબ સરસ થઈ. આલાપ દેસાઈ દ્વારા 'તમને એમાં વાંધો છે કંઈ' કૃતિની રજૂઆત વિશેષ બની રહી. ત્યારબાદ કવિ ભાસ્કર વોરા અને સ્વરકાર પુરૂષોત્તમ ઉપાધ્યાયની જાણીતી-લોકપ્રિય રચના 'તારે રે દરબાર મેઘારાણા...'ની હિમાલી વ્યાસ દ્વારા ખૂબ ભાવસભર રજૂઆત કરવામાં આવી. સુંદર વાંસળીવાદને આ ગીતની રજૂઆતને લાલિત્ય અને કલાત્મકતા બક્ષી... એક એકથી ચઢિયાતી કૃતિઓ અને સ્નેહા દેસાઈનું તાજગીભર્યું સંચાલન કાર્યક્રમને વધુને વધુ રસાળતા આપતું રહ્યું. આસિત દેસાઈ દ્વારા સ્વરાંકિત કવિ હિતેન આનંદપરાની ગઝલ 'વીજ, વાદળ અને વાયરો ઘેરી વળે વરસાદમાં...' આલાપ દેસાઈની સુંદર ગાયકી અને મનીષી રાવલના રમતીયાળ તબલાં તેમજ તમામ સાજીંદાઓની સુંદર સંગતમાં પ્રેક્ષકોની વાહ-વાહી મેળવી ગઈ...

વર્ષાઋતુને પ્રિયજન સાથેના અબોલા ઓગાળવાની ઋતુ તરીકે વર્ણવતા શ્રીમતી સ્નેહા દેસાઈએ મીઠી ટકોર સાથે જણાવ્યું કે, વ્યક્તિ-વ્યક્તિએ વરસાદનો અનુભવ જુદો. બાળકો માટે તે હોળી તરાવવાનો અવસર તો બહેનો માટે કપડાં સુકવવાનો ત્રાસ, પુરુષો માટે ભજીયા માંગવાનો મોકો, તો યુવાનો માટે રોમાન્સની ઋતુ... જેવી અનેક રમૂજભરી-મજાની વાતોથી પ્રેક્ષકગૃહમાં સૌના ચહેરા પર હાસ્ય રેલાઈ રહ્યું... કાર્યક્રમને આગળ ધપાવતાં હિમાલી-આલાપ દ્વારા ફિલ્મ 'અજનબી'નાં હિન્દી ગીત-'ભીગી-ભીગી રાતોં મેં...' સુંદર અંત સાથેની રજૂઆતને પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી હતી. ત્યાર બાદ હિમાલી વ્યાસની ફિલ્મ: 'તાનારીરી'નાં મહેશ-નરેશ દ્વારા સંગીતબદ્ધ થયેલા ગીત 'ગરજ ગરજ બરસો જલધર...'ની દમદાર રજૂઆતથી શ્રોતાઓએ મંત્રમુગ્ધતા અનુભવી. સંગીત સંચાલક હર્ષિત આચાર્યની ખૂબ સુંદર સંગત અને હિમાલીબેનના અવાજની બુલંદતા અને શાસ્ત્રીય સંગીત પરની પક્કડ થકી રજૂઆત વિશેષ આકર્ષક બની રહી. સાદગી, સાજન અને સાવનને આમંત્રણ આપતું ખૂબ લોકપ્રિય ફિલ્મ 'જબ વી મેટ'નું જાણીતું ગીત 'આઓગે જબ તુમ ઓ સાજના...' આલાપ દેસાઈ દ્વારા રજૂ થયું. રાગ તિલક કામોદ પર આધારિત આ ગીતનું સંગીત પ્રીતમ દ્વારા તૈયાર થયું છે. ફિલ્મમાં ઉસ્તાદ રાશીદખાન દ્વારા ગવાયેલ આ ગીતની રજૂઆતે પ્રેક્ષકોની વિશેષ દાદ મેળવી.



'સૂરવર્ષા' આલ્બમની કૃતિ-કવિ દાન વાઘેલાએ લખેલી અને આલાપ દેસાઈ દ્વારા સ્વરાંકિત રચના 'મને ચઢી ગઈ, રોમ-રોમ ટાઢ, ગાજ નહીં વીજ ઓચિંતો ત્રાટક્યો અષાઢ...'ની સુંદર રજૂઆત બાદ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની 'રામલીલા' ફિલ્મ રચના 'મન મોર બની થનગાટ કરે...' સાથે 'અષાઢ ઉચ્ચારમ, મેઘ મલ્હારમ...'ની આલાપ-તબલાની સંગતમાં દમદાર રજૂઆતથી માહોલમાં મેઘના એંધાણનો વર્તાવો અનુભવાયો.

'ભીના થયા' અને 'ભીંજાયા'માં ફર્કની સુંદર વાતો સાથે લાગણીઓને ઝંકૃત કરતી વર્ષાગીતોની સુંદર મેડલીની પ્રસ્તુતિ ખૂબ આવકાર પામી. જેમાં 'સાવનકા મહીના પવન કરે શોર', 'કાલીઘટા છાયે મોરા જીયા તરસાયે', 'સાવન કે ઝુલે પડે હૈ', 'મેઘા છાયે આધી રાત', 'મેઘા રે મેઘા', 'ઓ ઉમડ-ઉમડ કર આઈ રે ઘટા'ની બંને ગાયકો દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી, જેને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી. 'લગાન' ફિલ્મનાં 'કાલે મેઘા, કાલે મેઘા પાની તો બરસાઓ...'ની રજૂઆતમાં ઘનનનન...ની ગૂંજ શ્રોતાઓના દિલોદિમાગમાં ગૂંજી રહી.

વર્ષાઋતુ વિશે ટીખળ કરતાં સ્નેહા દેસાઈએ કટાક્ષ સાથે જણાવ્યું કે, વરસાદ જયારે રોમેન્ટિક નહી પણ ટ્રોમેટિક લાગે ત્યારે સમજવું કે ઘડપણ બારણે આવી પુગ્યું છે... શ્રોતાજનોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. 'ભીજીયે ભીંજાઈએ સાથમાં સંગાથમાં, ચાલને ચાલ્યા જઈએ હાથ લઈને હાથમાં...'ની હિમાલી-આલાપ દ્વારા સુંદર રજૂઆત બાદ 'ચાલ વરસાદની મોસમ છે વરસતા જઈએ... ઝાંઝવા હો કે દરિયાવ તરસતા જઈએ...' રજૂ થયું. ફિલ્મ 'ગુડ્ડી'નું રાગ મિયાં-મલ્હાર પર આધારિત વાણી જયરામ દ્વારા ગવાયેલ જાણીતું ગીત 'બોલે રે પપીહરા...' અને ફિલ્મ 'મેરા સાયા'ના 'નયનો મે બદરા છાયે...' ગીતની હિમાલી વ્યાસ દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી. નવામાં સ્પીડ છે જૂનામાં સ્ટેમીના છે... અંદરથી હચમચાવે વરસાદ અને કંઈક જૂનું... કોઈક જૂનું યાદ આવી જાય... સ્નેહા દેસાઈની આ વાત સાથે ફિલ્મ 'મંઝીલ'નાં 'રીમઝીમ ગીરે સાવન...'ની પ્રસ્તુતિ સાથે શ્રોતાઓ ઝુમી ઊઠયા. 'ચામડી પર રૂવાંડા સાથે રેઈનકોટ ઊગાડતા લોકો ભીંજાય છે પણ પલળતા નથી'-એવા કટાક્ષ સાથે શ્રી જગજીત સિંગની લોકપ્રિય-અદભૂત રચના 'યે દોલત ભી લે લો, યે સોહરત ભી લે લો...'ની ભાવવાહી રજૂઆતને પ્રેક્ષકોએ ખૂબ વધાવી. 'આપણે ગુજરાતીઓ આપણા ગુજરાતીપણાને ઉજવી જાણીએ...' એ વાત સાથે કવિ સુંદરમની; ક્ષેમુ દિવેટીયાના સ્વરાંકનથી સુશોભિત રચના, રાગ મલ્હાર પર આધારિત 'રીમ-ઝીમ, રીમ-ઝીમ વાદળ વરસે, મારૂ મન ગુંજે ઝનકાર...'ની અદભૂત પ્રસ્તુતિએ ગુજરાતી હોવાના ગૌરવને ઔર વધારી દીધું.

વરસાદને ઉંમરના પ્રત્યેક તબક્કે અલગ-અલગ રીતે માણી શકાય... પરંતુ માણવાનું સાવ બંધ જ કરી દઈએ એ ના ચાલે. વિસ્મય-જાદુ-અચરજ ને જીવાડવું એ આપણી અંગત ફરજ છે. વરસાદની આ સરસ ઘટનાને માત્ર વૉટર સાયકલ જેવી યંત્રવતતામાં ફેરવી ન નાખવાની સંચાલક સ્નેહા દેસાઈની ભલામણ સાથે ગુજરાતી વર્ષાગીતો અને ગરબાની સુંદર મેડલીની રજૂઆત કરવામાં આવી; જેમાં નરસિંહ મહેતાની જાણીતી રચના 'મેહૂલો ગાજે ને માધવ નાચે' ઉપરાંત 'વીજલડી રે...' 'શ્રાવણ મહીને તે વ્હાલો સંદેશો મોકલ', 'કાળી-કાળી વાદળી', 'અંબર ગાજે ને મેઘાડંબર ગાજે', 'વા વાયા ને વાદળ ઉમટયા', 'વાદલડી વરસી રે...'ના સમાવેશ સાથે સુંદર પ્રસ્તુતિ ખૂબ યાદગાર બની રહી. 'ડમક-ડમકપ' છંદથી તેનું સમાપન થયું.

આગામી થોડા દિવસોમાં જ આપણો ટાઉનહોલ રિનોવેશન-રિપેરિંગમાં જાય છે ત્યારે મન અને હૃદયને પુલકિત કરી ગયેલો 'શિવરંજની'નો આ કાર્યક્રમ ચિરકાળ સુધી યાદ રહેશે.

- મમતા રાવલ




(૧) ૨૦૧૭માં ઈન્ફોસિસ કંપનીના ગેર કાર્યકારી ચેરમેન પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) નંદબિહારી વ્યાસ
(બી) નંદન નીલકણી
(સી) નંદની રાજન
(ડી) નંદકિશોર શર્મા

(૨) ૨૦૧૮માં યોજાનાર ટેબલ ટેનિસ વિશ્વ કપની યજમાની કયો દેશ કરી રહ્યો છે ?
(એ) અમેરિકા (બી) રશિયા
(સી) ચીન (ડી) બ્રિટન

(૩) ૨૦૧૭માં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારત-નેપાળ બોર્ડર પર કઈ વિશાળ નદી પર પુલ બાંધવા કરાર કરવામાં આવ્યા છે ?
(એ) બ્રહ્મપુત્રા (બી) મોંજુલી
(સી) સિંધુ (ડી) મેચી

(૪) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે એર ઈન્ડિયાના નવા ચેરમેન તરીકે કોની વરણી કરી છે ?
(એ) સંજય બંસલ (બી) રાજીવ ગુપ્તા
(સી) રાજીવ બંસલ (ડી) સંજય ગુપ્તા

(૫) ૨૦૧૭માં બ્રિટનના કયા મહાન ફૂટબોલરે તાજેતરમાં ફૂલબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ?
(એ) કેન રૂની (બી) વેન રૂની
(સી) લેવીન રૂની (ડી) સીમોન રૂની

(૬) ૨૦૧૭માં કયા પ્રદેશમાં 'જાટ'ને પછાત વર્ગની શ્રેણીમાં આરક્ષણ આપવામાં આવ્યું છે ?
(એ) મધ્યપ્રદેશ (બી) રાજસ્થાન
(સી) હરિયાણા (ડી) ઉત્તર પ્રદેશ

(૭) ૨૦૧૭માં સુપ્રિમ કોર્ટ દ્વારા ત્રણ તલાકના ચુકાદા પછી કયા સ્થળ પર પહેલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે ?
(એ) આગ્રા (બી) અંબાલા
(સી) મેરઠ (ડી) અલીગઢ

(૮) ૨૦૧૭માં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા કેટલા રૂપિયાના મૂલ્યની નોટ માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું ?
(એ) ૧૦૦ (બી) ૨૦૦
(સી) ૩૦૦ (ડી) ૫૦૦

(૯) ૨૦૧૭માં કન્યાકુમારીથી શરૂ થનાર નદી સંરક્ષણ અભિયાનનું આયોજન કઈ સંસ્થાએ કર્યું છે ?
(એ) રીવર્સ ફોર ઈન્ડિયા (બી) નતાશા રીવર્સ
(સી) ઈશા ફાઉન્ડેશન (ડી) ઉપર પૈકી એક પણ નહીં

(૧૦) ૨૦૧૭માં ઈરાનના રાષ્ટ્રપતિ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) અબદ હસન (બી) હસન રોહાની
(સી) પુહાન દેવબંદ (ડી) અલબ્રક કુશેર